ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૯ ટકા
ગાંધીનગર તાપમાન

પેથાપુર આરોગ્ય કેન્દ્ર ખાતે બે વ્યક્તિઓને વેક્સિનના એકસાથે બબ્બે ડોઝ આપી દેવાયા..!!

રવિવારે સવારે બનેલી ઘટનામાં રસી આપનાર આરોગ્ય કર્મચારીઓની ગંભીર બેદરકારી : એકસાથે બે ડોઝ લેનાર લાભાર્થીના આરોગ્ય ગંભીર વિપરીત અસરો થઈ શકે છે

ગાંધીનગર તા.૧૨

કોરોના મહામારીને નાથવા માટે રસીકરણ એકમાત્ર અસરકારક હથિયાર સાબિત થઈ રહ્યું છે જેને અનુલક્ષીને સરકાર દ્વારા પણ રસીકરણ ઝુંબેશ પર ભાર મુકવામાં આવી રહ્યો છે. શરુઆતમાં કોરોના પ્રતિરોધક રસીથી ગંભીર આડ અસરો થઈ રહી હોવાની અફવાઓ ફેલાવાને કારણે નાગરિકો વેક્સિન લેવાથી દૂર રહેતા હતા પરંતુ વ્યાપક જનજાગૃતિ અભિયાનને કારણે હવે નાગરિકો વેક્સીન લેવા માટે લાઈન લગાવી રહ્યાં છે. જોકે આ પરિસ્થિતિમાં વેક્સિન કેન્દ્ર પર ફરજ પર હાજર હેલ્થ કર્મચારીઓની બેદરકારીને કારણે ફરી નાગરિકો વેક્સિનેશનથી દૂર થાય તેવી ઘટના પેથાપુર ખાતે સર્જાવા પામી છે જેમાં પેથાપુર આરોગ્ય કેન્દ્ર ખાતે બે વ્યક્તિઓને એકસાથે રસીના બબ્બે ડોઝ આપી દેવામાં આવ્યાં હતાં.

પેથાપુર આરોગ્ય કેન્દ્ર ખાતે ચાલી રહેલા રસીકરણ કાર્યક્રમમાં રસી લેવા પહોંચેલા એક મહિલા તથા એક પુરુષને સ્થળ પર રસી આપી રહેલા આરોગ્ય કર્મચારીઓની બેદરકારીને કારણે રસીના બંન્ને ડોઝ એકસાથે આપી દેવામાં આવ્યાં હોવાની ઘટના સર્જાવા પામી હતી. બે અલગ અલગ આરોગ્ય કર્મચારી વચ્ચે સર્જાયેલી ગેરસમજને પગલે આ બન્ને લાભાર્થીઓને એક જ સાથે રસીના બે ડોઝ આપી દેવામાં આવ્યાં હતાં. પહેલીવાર રસી લેવા આવેલા પુરૂષ લાભાર્થીને રસી કેવી રીતે આપવામાં આવે છે તે અંગે જાણકારી ન હોવાથી તેઓએ આધાર નંબરની નોંધણી કરાવ્યા વગર પહેલા રસી લઈ લીધી હતી. આ પછી જ્યારે તેઓ આધાર નંબરની નોંધણી કરાવી ત્યારે ફરી બીજા આરોગ્ય કર્મચારીએ તેમને રસી આપી દીધી હતી. ઓછું ભણેલા શ્રમજીવી વર્ગના આ પુરુષ લાભાર્થીને એક તબક્કે તેમને લાગ્યું કે આ રીતે જ રસી આપતાં હશે તેમ છતાં તેમણે રસી આપનાર કર્મચારીનું ધ્યાન પણ દોર્યું હતું પરંતુ ત્યાં સુધીમાં તો પેલા કર્મચારીએ બીજા બાવડે રસી આપી દીધી હતી. આવું જ તેમણે તેમની અગાઉના મહિલા લાભાર્થીને પણ થતાં જોયું હતું તેથી તેમને રસી આપનાર કર્મચારીથી કોઈ ભૂલ થતી હોવાનું જણાયું નહોતું. જોકે પાછળથી વેક્સિન આપનાર કર્મચારીઓને તેમની ભૂલ સમજાઈ હતી પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ચૂક્યું હતું. સમગ્ર ઘટનામાં રસી આપનાર કર્મચારીઓની ગંભીર બેદરકારી ઉડીને આંખે વળગે છે જેના કારણે એકસાથે બબ્બે ડોઝ લેનાર લાભાર્થીના આરોગ્ય પર તેની ગંભીર વિપરીત અસરો પણ થઈ શકે છે. રસીનો એક ડોઝ લેનારને પણ પહેલા બે દિવસમાં તાવ આવવો, માથાનો દુખાવો, બેચેની, હાથ જકડાઈ જવો, હાથે સોજો આવવો, દુઃખાવો થવો જેવા લક્ષણો જોવા મળતા હોય છે ત્યારે એક સાથે બબ્બે ડોઝ લેનાર લાભાર્થીને કેવી તકલીફો થશે તે તો સમય જ કહેશે.

વાવોલના સોસાયટી વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના વાવોલ ખાતે કીર્તિધામ સોસાયટી અને ગુડાના શોપીંગ સેન્ટરની વચ્ચેના ભાગમાં થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય છે. મુખ્ય રસ્તા પર જ વરસાદી પાણીનું તળાવ ભરાઈ કારણે સોસાયટીના રહીશો અને રાહદારીઓને ખુબજ મુશ્કેલીઓ વેઠવી પડે છે. વળી શાલીન-૪ નજીક પણ મુખ્ય માર્ગ પર વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ રહી છે. હજુ તો ચોમાસાની શરૂઆતમાં જ વાવોલ વિસ્તારની આવી હાલત છે તો આગામી દિવસોમાં ચોમાસા દરમ્યાન હાલત વધારે ખરાબ થઈ શકે તેમ છે તેમજ રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ થવાથી રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શકયતા રહેલી છે. આ સ્થિતિમાં સમયસર પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે વોર્ડ-૭ના કોંગ્રેસના ઉમેદવાર દેવેન્દ્રસિંહ ગોલ દ્વારા અગાઉ આ બાબતે ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનરને લેખિત રજુઆત પણ કરવામાં આવી ચુકી છે પરંતુ હજુ કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં શિશુવાટિકાનો પ્રારંભ

હવે ૩ થી ૫ વર્ષના બાળકો 'યુનિવર્સિટી'માં ભણશે

ગાંધીનગર, તા. ૧૨

શિશુવિકાસનું પ્રથમ પગથિયુ એટલે શિશુવાટિકા. જેનો પ્રારંભ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં થઈ રહ્યો છે. પ્રત્યેક બાળક પોતાની વૃત્તિ પ્રમાણે શિક્ષણ ગ્રહણ કરે છે. શિક્ષણ એ ભીતરથી થતી પ્રક્રિયા છે. ત્યારે બાળશિક્ષણના ક્ષેત્રમાં સંશોધન અને પ્રશિક્ષણ કરતી ભારતની એકમાત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વિધિવત રીતે બાળશિક્ષણની શરૂઆત થવા જઈ રહી છે.

પ્રત્યેક માતા-પિતા ઈચ્છે છે કે પોતાનું બાળક સંસ્કાર, સદગુણી અને સામર્થ્યવાન બને. બાળઘડતરમાં ક્રિયા અને અનુભવ આધારિત શિક્ષણ માટે અને ભાર વિનાના શિક્ષણની કલ્પનાને સાકાર કરવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં શિશુ-૧ (અરુણ) અને શિશુ-૨ (ઉદય)નું શિક્ષણ અનુક્રમે ત્રણ અને ચાર વર્ષના બાળકો માટે શરૂ થવા જઈ રહ્યું છે. યુનિવર્સિટીના નૈસર્ગિક વાતાવરણમાં બાળકો માટે પ્રકૃતિગત શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં પ્રશિક્ષિત આચાર્ય દ્વારા બાળકોને સાચા અર્થમાં કેળવવાનું કાર્ય કરવામાં આવશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની આ ઐતિહાસિક શરૂઆત બાબતે કુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યુ હતુ કે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા શરૂ થઈ રહેલી શિશુવાટિકા તેજસ્વી બાળક થકી તેજસ્વી ભારતના લક્ષ્યને પૂર્ણ કરવાનું પ્રથમ પગથિયું બની રહેશે. આ શિશુવાટિકામાં પંચકોશ આધારિત સર્વાંગી વિકાસ સાથે બાળકને બાળગીત, વાર્તાઓ, રમતો, પ્રકૃતિ પરિચય, યોગ, દૈનિક જીવન વ્યવહાર, ચિત્ર, સંગીત, નાટક, શ્લોક અને પ્રયોગો દ્વારા બાળકની કલ્પનાશક્તિ, સર્જનશક્તિ અને મૌલિકતાનો વિકાસ કરવામાં આવશે. શિશુ-૧ (અરુણ)થી જ બાળકમાં સંસ્કાર અને પારિવારિક ભાવના સાથે આનંદ, પ્રેમ, સૌંદર્ય અને સ્વ-વિકાસના બીજનું આરોપણ કરવામાં આવશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અનોખુ વિદ્યાલય સર્જીને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ સર્જવા માગે છે. ત્યારે આ દિશામાં ગાંધીનગર આસપાસના વધુમાં વધુ માતા-પિતા પોતાના બાળકને પ્રવેશ અપાવે તે જરૂરી છે. શિશુવાટિકાનો પ્રારંભ દિ. ૧૫ જુલાઈથી શરૂ થઈ રહ્યો છે. પ્રવેશ અને વધુ માહિતી માટે આચાર્યા દિવ્યાબેન રાવળ (મો. ૭૯૮૪૧૩૦૯૪૫)નો સંપર્ક કરવાનો રહેશે.

ગાંધીનગરના સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ અને આર્ચ ડાઈસિસ ઓફ ગાંધીનગરના મહા ધર્માધ્યક્ષ આર્ચ બિશપ થોમસ મેકવાનના નેતૃત્વ તેમજ સંસ્થાના ડાયરેક્ટર ફાધર ઝેવિયર જેમ્સના સંચાલન હેઠળ કોરોના મહામારીની બીજી લહેરથી પીડિત પરિવારોનો સર્વે કરીને ૭૮૦ કુટુંબોના ૩૧૨૦ વ્યક્તિઓ માટે તથા ૧૨૧ દિવ્યાંગ વ્યક્તિઓ ઉપરાંત બાળ ગૃહોના ૪૨ બાળકો માટે અનાજની કીટ, પોષણયુક્ત આહારની કીટ તેમજ મેડીકલ કીટ પુરી પાડવામાં આવી હોવાનું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

યોગ ટ્રેનર ભાવનાબેન જોષી યોગની તાલીમ આપશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માન્ય સરકારી યોગ ટ્રેનર ભાવનાબેન જોષી યોગ-પ્રાણાયામની પદ્ધતિસરની તાલીમ અને માર્ગદર્શન આપશે. યોગ શીખવાની ઈચ્છા ધરાવનારાઓએ ભાવનાબેન જોષીનો મો. નં. ૮૨૦૦૦૮૧૬૦૪ પર સંપર્ક સાધવાનો રહેશે. તેઓ દરરોજ સાંજે ૬ થી ૭ દરમ્યાન અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩ ખાતે પણ યોગ-પ્રાણાયામની તાલીમ આપી રહ્યા છે.

સે-૭એ વસાહત મંડળના પ્રમુખ અને પાટીદાર અગ્રણી શિવાભાઈ પટેલનું આકસ્મિક અવસાન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટર-૭એ વસાહત મંડળના પ્રમુખ શિવાભાઈ પટેલનું આકસ્મિક અવસાન થવા પામ્યું છે.

ઘણા વર્ષોથી તેઓ વસાહત મંડળના પ્રમુખ તરીકે હોદ્દો સંભાળી તેમણે ખૂબ જ ઉત્તમ કામગીરી કરવા સાથે વિવિધ કાર્યક્રમો અને ઉજવણીઓ કરી હતી. સદગતની ઉંમર ૭૯ વર્ષ હતી પરંતુ તેમનું સ્વાસ્થ્ય ઘણું સારુ હતું. તેમના દિલમાં વસાહતીઓની ચિંતા કાયમ રહેતી હતી, કોરોના સમયમાં પણ સક્રિય કામગીરી બજાવી હતી. સદગત સ્વભાવે ખૂબ જ સરળ, સક્રિય, મિલનસાર અને અસરકારક નેતા હતા. તેમના આકસ્મિક અવસાનથી સે.૭એ વસાહત મંડળને તેમજ કડવા પાટીદાર સમાજ ઉમિયા ટ્રસ્ટને પણ મોટી ખોટ પડી છે અને સે.૭એના વસાહતીઓમાં દુઃખની લાગણી પ્રસરવા પામી છે.

સરસ્વતી વિદ્યાલયમાં રથયાત્રા નિમિત્તે ઓનલાઈન વેશભૂષા કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં રથયાત્રા નિમિત્તે ઓનલાઈન વેશભૂષા તેમજ એકપાત્ર અભિનયનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓએ ગોવાળ, કૃષ્ણ, રાધા, ભારતમાતા, સિપાહી, શિક્ષક, પાર્વતીમાતા, ભગતસિંહ વગેરે જેવા પોતાને ગમતા પાત્રને અનુરૂપ વેશભૂષા પહેરીને આનંદ વ્યકત કર્યો હતો. પાત્ર ભજવનાર દરેક વિદ્યાર્થીએ શાળામાં ઓનલાઈન ફોટા તેમજ વિડિયો મોકલીને આનંદ વ્યકત કર્યો હતો. શાળામાં ઓનલાઈન શૈક્ષણિક કાર્ય કરતા શક્તિતા ત્રિતીબેન, કરુણાબેન, કલ્પનાબેન, તરુણાબેન, આશાબેન તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રોજેકટ "સેવ ગ્રીન ગાંધીનગર"માં ૧૯૧ શહેરીજનોએ જોડાઈને ૯૮૭ વૃક્ષોનું વાવેતર કર્યું

"પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ" અને "હેપ્પી યુથ ક્લબ" ના સંયુક્ત ઉપક્રમે આયોજિત પ્રોજેકટમાં આયોજકોએ ૭૦૦ જેટલા છોડ વિના મૂલ્યે પુરા પાડ્યા : રથયાત્રાના દિવસે ઈ-સર્ટિફિકેટ ડિસ્ટ્રિબ્યુશન કરાયું

ગાંધીનગર, તા. ૧૨

આજે રથયાત્રાના પવિત્ર દિવસે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ અને હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે આયોજિત પ્રોજેક્ટ 'સેવ ગ્રીન ગાંધીનગર' અંતર્ગત સે.૧૭માં સમગ્ર શિક્ષણ અભિયાન કચેરીએ ગાંધીનગર સમગ્ર શિક્ષાના સ્ટેટ પ્રોજેક્ટ ઈજનેર તેમજ પર્યાવરણપ્રેમી લેખક-કવિ નિપુણ ચોકસીના હસ્તે પ્રતિકાત્મક ઈ-સર્ટિફિકેટ ડિસ્ટ્રિબ્યુશન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટમાં કુલ ૧૯૧ શહેરીજનોએ જોડાઈને ઘરઆંગણે કે પોતાની પસંદગીની જગ્યાએ કુલ ૯૮૭ વૃક્ષોનું વાવેતર કરી પોતાનો સંકલ્પ પુરો કર્યો હતો. આ પ્રોજેકટમાં ભાગ લઈને વૃક્ષારોપણ કરનાર શહેરીજનોને આયોજકો દ્વારા રથયાત્રાના પવિત્ર દિવસે ઈ-સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યોજાયેલા પ્રતિકાત્મક કાર્યક્રમમાં સમગ્ર શિક્ષણ કચેરી સંકુલના બગીચામાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરને ફરી હરિયાળું શહેર બનાવવા અને ગ્રીનેસ્ટ કેપિટલનો દરજ્જો ફરી પાછો અપાવવાના પ્રયાસમાં ભાગીદાર થવાના આશયથી શહેરના પર્યાવરણપ્રેમી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થાઓ "પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ" અને "હેપ્પી યુથ ક્લબ" ના સંયુક્ત ઉપક્રમે "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે તા. ૫મી જૂનથી પ્રોજેક્ટ "સેવ ગ્રીન ગાંધીનગર"નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તા. ૮મી જુલાઈ સુધી ચાલેલા પ્રોજેકટમાં શહેરીજનોએ ઓનલાઈન જોડાઈને પોતાને અનુકૂળ હોય તેટલા વૃક્ષો વાવવા માટેનો ઈ-સંકલ્પ લેવાનો હતો જેમાં કુલ ૧૯૧ શહેરીજનોએ જોડાઈને કુલ ૯૮૭ વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો હતો. તેમના આ વૃક્ષારોપણના સંકલ્પને પૂરો કરવા આયોજકો દ્વારા વિના મૂલ્યે છોડ પુરા પાડવાની સેવા પણ આપી હતી જે અંતર્ગત ૭૦૦ જેટલાં છોડ પુરા પાડવામાં આવ્યા હતા. હજુ પણ વૃક્ષારોપણ માટે વિના મૂલ્યે છોડ મેળવવા માટે અથવા આ પ્રોજેકટમાં જોડાનાર જે શહેરીજનને તેમનું ઈ-સર્ટિફિકેટ મળ્યું ના હોય તેમણે પ્રોજેકટ કોઓર્ડિનેટર કલ્પેશ જોશીનો મો.નં. ૯૪૨૭૦૫૧૩૫૨ ઉપર સંપર્ક સાધી શકાશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટને ગાંધીનગર જિલ્લા વન વિભાગ ઉપરાંત શહેરની વિવિધ સંસ્થાઓ જેવી કે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ, "ગાંધીનગર ચમકાવવું છે" ગ્રૂપ, પ્રકૃતિ રક્ષા અભિયાન તેમજ મા એનિમલ ફાઉન્ડેશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં એક્ટિવિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને જર્મિનેશન કેવી રીતે અને કેમ કરવામાં આવે છે, તેની માહિતી આપી હતી. શિક્ષિકાઓએ બાળકોને લાઈવ જર્મિનેશન પ્રોસેસ બતાવી હતી. બાળકોએ પણ આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને જર્મિનેશનના વિડીયો અને ફોટો ગ્રૂપમાં મોકલ્યા હતા. વાલીઓએ પણ ખૂબ જ સાથ સહકાર આપીને આ જર્મિનેશન એક્ટિવિટીને સફળ બનાવી હતી.

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા સેવાકાર્ય કરાયું

ગાંધીનગર, તા.૧૨

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન/સાહેલી દ્વારા જૂના પરંતુ ઉપયોગમાં લઈ શકાય તેવાં કપડાં સોસાયટીમાંથી એકઠાં કરી ગાંધીનગરના ખ-૭ ચોકડી આજુબાજુની ઝુંપડપટ્ટીના જરૂરતમંદ ગરીબ પરિવારમાં વિતરણ કરવાનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં ૧૪૫ જેટલા જરૂરતમંદ ગરીબ વ્યકિતઓને કપડાંનું વિતરણ કરાયું હતું. જેમાં બી.એમ. પટેલ (બ્રાન્ચ પ્રમુખ), સાંકાભાઈ પટેલ (ઉપપ્રમુખ), વસંતભાઈ પટેલ (બ્રાન્ચ ફાયનાન્સ), ગીરીશભાઈ પટેલ (મેઈન ગ્રુપના મેમ્બર) તથા ગાયત્રીબેન પટેલ (સાહેલી ગ્રુપના પૂર્વ પ્રમુખ/યુ.ડી.) અને કુસુમબેન પટેલ (સાહેલી મેમ્બર)એ હાજરી આપી હતી.

એસ.વી. પ્રી-સ્કૂલ દ્વારા 'મોમ્સ' ને અનોખો ઓનલાઈન પ્રોજેકટ

ગાંધીનગર, તા.૧૨

નગરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલ દ્વારા શાળાના બાળકોને અને તેમની મમ્મીઓને રથયાત્રા નિમિતે 'અંકુરિત મગ' નો એક અનોખો પ્રોજેકટ આપવામાં આવ્યો હતો. જેમાં, નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે. જી. ના બાળકોએ રથયાત્રાના બે દિવસ પહેલાં મગને પાંચ થી છ કલાક માટે પાણીમાં પલાળ્યા હતા. ત્યારબાદ, મગને એક ચારણીમાં કાઢી, તેને ઢાંકી, અંકુરિત થવા માટે મૂક્યા હતા. બાળકોએ આ તમામ પ્રક્રિયા પોતાની મમ્મી સાથે મળીને કરી હતી અને મગને અંકુરિત થતાં નિહાળ્યા હતા, જે જોઈને તેઓ રોમાંચિત થઈ ગયા હતા. આ મગ તેઓએ રથયાત્રાને દિવસે ભગવાનને પ્રસાદ તરીકે અર્પણ કર્યા હતા. શાળાના શિક્ષિકાઓએ બાળકોને આ મગ ખાવાથી થતાં ફાયદાઓ અને તેનું ધાર્મિક મહત્વ ઓનલાઈન સમજાવ્યા હતા અને આ ઈવેન્ટમાં ઉત્સાહથી ભાગ લેવા બદલ તમામ મમ્મીઓનો આભાર માન્યો હતો. આમ, શાળાએ લેટેસ્ટ ટેકનોલોજી અને પરાપૂર્વથી ચાલી આવતી આપણી પરંપરાઓનો સુભગ સમન્વય કરી, જે નવતર પ્રયોગ કર્યો તેને વાલીઓએ પણ બિરદાવ્યો હતો.

રથયાત્રામાં વહેંચાતો પ્રસાદ જાંબુ ખુબ જ આરોગ્યપ્રદ છે

ગાંધીનગર, તા.૧૨

જગન્નાથની રથાયાત્રામાં પ્રસાદનું ખાસ મહત્વ હોય છે. વર્ષોથી ચાલતી પરંપરા મુજબ ભગવાન જગન્નાથની નગરયાત્રા એટલે કે રથયાત્રા દરમિયાન જાંબુનો પ્રસાદ આપવામાં આવે છે. આ પ્રસાદનું એક આગવું મહત્વ છે. રથયાત્રા દરમિયાન ભગવાન જગન્નાથને ખાસ પ્રસાદ ચઢાવવામાં આવે છે. સાથે જ ભાઈ બલરામ અને બહેનને પણ ભોગ ચઢાવવામાં આવે છે.

આ માટે ભગવાનના મોસાળમાં અઠવાડિયા પહેલાથી જ તૈયારીઓ કરવામાં આવે છે. રથયાત્રા વખતે શહેરભરમાં જ્યા રથયાત્રા ફરે છે ત્યાં ફણગાવેલા મગની પ્રસાદી આપવામાં આવે છે સાથે સાથે ચોમાસાની ઋતુમાં મળતા જાંબુ તથા કાકડી પણ પ્રભુને ધરાવવામાં આવે છે.

● જાંબુ નુ મહત્વ :

ચોમાસામાં વાતાવરણ જેટલું સુખદ હોય છે તેટલું જ બીમાર થવાનું જોખમ પણ વધારે છે. વરસાદની ઋતુ માં આપણુ શરીર એલર્જી, ચેપ અને પાચન સંબંધિત અનેક સમસ્યાઓમાંથી પસાર થાય છે. આ બધાંથી બચવા માટે શરીરને કેટલાક વિશેષ પોષક તત્વોની જરૂર હોય છે. આ પોષક તત્વો માટે સીઝનલ ફુટ ખાવાનું મહત્વ છે અને જાંબુ એ ચોમાસાની સિઝનનું ફળ છે. માટે તેને અવશ્ય આ સિઝનમાં ખાવું જ જોઈએ.

● ડાયાબીટીસમાં જાંબુ મદદરૂપ :

ડાયાબીટીસના દર્દીઓ માટે જાંબુ સાથે સાથે તેના ઠળિયા પણ દવા તરીકે ઉપયોગ કરી શકાય છે. દર્દીઓએ રોજ જાંબુ ખાવા ઉપરાંત દરરોજ તેની ઠળિયાનું ચૂરણનું સેવન કરવું. જાંબુમાં મોટા પ્રમાણમાં આર્યન હોય છે જે લોહીને સાફ કરવા અને વધારવામાં મદદ કરે છે. આ ઉપરાંત ડાયેરિયા, અપચો જેવી પેટ સંબંધી સમસ્યાઓ દૂર કરે છે. વધતા વજનની જેમને સમસ્યા છે તેમના માટે જાંબુ ફાયદાકારક સાબિત થશે કારણ કે જાંબુમાં ઓછી કેલરી હોય છે એટલા માટે વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે.

● કેન્સર સામે બચાવ :

જાંબુ કેન્સરની સારવારમાં પણ મદદરૂપ થાય છે. ૨૦૦૫માં સામે આવેલ એક સ્ટડીમાં દાવો કરવામાં આવ્યો હતો કે કેન્સર પ્રતિરોધી અને કીમોપ્રિવેન્ટિવ તત્વ હોય છે જે શરીરમાંથી ફ્રી રેડિકલ્સને દૂર કરવામાં મદદ કરે છે. આ સાથે જાંબુ હૃદયની બીમારીઓને પણ દૂર રાખે છે.

વળી શરીરને ગરમીના દિવસોમાં રિચાર્જ કરવાની મદદ કરવાનો કુદરતી રસ્તો છે. જાંબુના આ મહત્વને જોતા રથયાત્રામાં વ્યક્તિને જાંબુનો પ્રસાદ અપાય છે કે જેથી ભક્તને થાક ન લાગે. આમ જાંબુના 'પ્રસાદ' પાછળ પણ વૈજ્ઞાનિક કારણ રહેલું છે.

ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. દવે લલીતાબેન જગદીશચંદ્ર,** ઉ.વ. ૮૦, સેકટર-૬
- **સ્વ. જોષી મંજુલાબેન દલપતરામ,** ઉ.વ. ૮૭, રાંદેસણ
- **સ્વ. જૈન નીલમ ધર્મજીકુમાર,** ઉ.વ. ૪૮, સેકટર-૧
- **સ્વ. ઠાકુર જયકુમાર લાલસિંહ,** ઉ.વ. ૭૮, અડાલજ